સુરત ના મે. જયુડી..મેજી.ફ.ક. સાહેબશ્રી (રેલ્વે) ની કોર્ટ માં , મુ. સુરત

ફોજદારી કેસ નં.– ૨૫૭ / ૨૦૨૫

આંક નંબર :–

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી :– આરોપી નં–૦૧ સંતોષ વિરચંદભાઇ વાઘરી
આરોપી નં–૦૨ સનીભાઇ દશરથભાઇ વાઘરી

ગુનો : આર.પી યુ.પી એકટ ની કલમ– ૩

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી આંક– ૧ વાળી ફરીયાદ મા જણાવેલ હકીકત મુજબ આર.પી યુ.પી એકટ ની કલમ– ૩ મુજબના શિક્ષાને પાત્ર ગુનાનું આંક – ૧ વાળુ ચાર્જશીટ (ફરીયાદ) અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨) હાલના કામની ફરીયાદ દાખલ થતાં તેમજ આ કામના ફરીયાદી પબ્લીક ઓફીસર હોવાના કારણે, હાલના આરોપી વિરૂધ્ધ આર.પી યુ.પી એકટ ની કલમ– ૩ મુજબના ગુનાના સમન્સ ઈસ્યુ કરતાં, આરોપી તેમના વ.શ્રી.સાથે હાજર થતાં, તેઓને ફરીયાદની નકલ આપવામાં આવેલ. આરોપી સામેનો કેસ ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૨(એકસ) મુજબ વોરંટ ટ્રાયેબલ કેસ છે. આથી ક્રીમીનલ પ્રોસીજર કોડ ના પ્રકરણ ૧૯ માં જણાવ્યા મુજબની કાર્યવાહી અદાલત ધ્વારા કરવામાં આવેલ છે. સદર કામે આરોપી સામે તહોમતનામુ ફરમાવતા પહેલા ફરીયાદી નો ચાર્જ નો પુરાવો લેવો જરુરી છે પરંતુ હાલના કામે આરોપી ના ઓ તરફે રજુઆત છે કે તેઓ ચાર્જ ને ઈનવાઈટ કરે છે અને તેઓ ની સામે તહોમતનામુ ફરમાવવામાં આવે તો તેઓ ને વાંધો નથી. આ હકીકત જાહેર કરતી પુરીસીસ આરોપીનાઓ તરફે રજુ કરવા માં આવેલ છે. આમ આરોપીની તરફે ની રજુઆત તથા તેઓ ની આ પુરસીસ ધ્યાને લઈ ને આરોપી વિરુધ્ધ તહોમતનામુ ફરમાવી અને તે અનુસંધાને આરોપી ની પ્લી લેવામાં આવેલ છે. જેમા આરોપી એ તેઓ એ ગુનો કરેલ હોવાનુ કબુલ રાખેલ છે. આરોપી એ તેઓ ના વિ.વ.શ્રી ની હાજરી માં અત્રે ની કોર્ટ રૂબરૂ તે પણ જણાવેલ છે કે આ ગુનો તેઓ સ્વૈચ્છા એ કબુલ કરેલ છે અને તેઓ ને આ ગુનો કબુલ કરવા સારુ કોઈ ના મારફતે દબાણ કરવા માં આવેલ નથી. વધુ માં આરોપી તરફે આ ગુનો કબુલ છે તે જાહેર કરતી પુરસીસ પણ રજુ કરવા માં આવેલ છે. વધુ માં આરોપી તરફે રજુઆત છે કે તેઓ ને ગુનો કબુલ છે, તેઓ ગરીબ વર્ગનાં, કુટુંબ કબીલાવાળા માણસ હોઈ, મજુરી કામ કરી માંડમાંડ તેઓનાં કુટુંબનું ભરણપોષણ કરે છે, જેથી દયા રાખી યોગ્ય હુકમ કરવા અરજ છે.

(૩) આરોપીને ગુનાની શિક્ષાની સમજ આપવામાં આવેલ તેમ છતાં ગુનો સ્વેચ્છાપૂર્વક કબુલ મંજુર હોય, જે કબુલાત ન માનવાને કારણ નથી. આરોપીની કબુલાત પુરશીશ ની હકિકતો તથા આરોપીની અન્ય મૌખિક રજુઆતો ધ્યાને લેતા, આરોપીને સદર ગુના બદલ તકસીરવાન ઠરાવવામાં આવે છે. સજા સંદર્ભે આરોપીની કોર્ટ સમક્ષની રજૂઆતને લક્ષમા લેતા, આરોપી તેઓનો પ્રથમ ગુનો હોવાનુ જણાવતા હોય, આરોપી કુટુંબનો આધાર સ્તંભ હોય, જો લાંબા સમય સુધીની કેદની સજા કરવામા આવે તો કુટુંબના ભરણપોષણનો પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ છે , આરોપીના કથીત કૃત્યની સજા આડકતરી રીતે

તેના કુટુંબીજનો ને થનાર હોય, આરોપીએ ગુના સબબ પારાવાર પસ્તાવો પણ વ્યકત કરેલ હોય, ભવિષ્યમા આવા પ્રકારનો ગુનો નહીં બને તેમ જણાવતા હોય, કેસના સંજોગો, ગુનાનો પ્રકાર અને કરવામા આવેલી રજૂઆતોને લક્ષમા લેતા, તેમજ નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫ (૧) જી.એલ.આર.પાના નં.૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરીચન્દ્ર ઠાકોર ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા , જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. સદરહુ ચુકાદા થી પ્રસ્થાપિત સિધ્ધાંત આરોપી ના કેસની હકીકતો ને લાગુ પડે છે. જેથી ,આરોપીની સ્થિતી અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતાં ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. તેથી ઓછી સજા કરવી જોઈએ તેમ અત્રે ની અદાલત નમ્ર પણે માને છે.ઉપરોકત ચર્ચા કર્યા મુજબના કારણોસર આરોપીને કાયદામાં ઠરાવેલ શિક્ષા નહીં કરતા હળવી શિક્ષા કરવાથી ન્યાયનો હેતુ જળવાશે તેમ ફલીત થતુ હોય, જેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

-:: આખરી હુકમ ::-

(૧) આ કામના દરેક આરોપીઓને ઉપરોકત આરોપીઓ ના ઓને આર.પી યુ.પી એકટ ની કલમ- ૩ મુજબના ગુના સબબ સી આર પી સી કલમ-૨૪૬(૩) મુજબ તકસીરવાન ઠરાવી આરોપીઓને રૂપિયા-૧૨૦૦૦/-(અંકે રૂપિયા બાર હજાર પુરા ) લેખે નો દંડ ભરવા નો હુકમ કરવા માં આવે છે. જો આરોપીઓ દંડ ની રકમ ભરપાઈ ના કરે તો દીન-૨૦ ની સાદી કેદ ની સજા નો હુકમ કરવા માં આવે છે.

**(૨) આરોપી નંબર ૦૩ પુરતો કેસ ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે**

(૩) આરોપી નંબર ૦૩ નો કેસ ચાલુ હોય મુદ્દામાલનો હુકમ ફાઈનલ હુકમ વખતે કરવામાં આવશે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:- ૨૯ / ૦૧ / ૨૦૨૫

( પંકજ રાઠોડ )
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ(રેલ્વે)
સુરત